ફોજદારી કેસ નં.૫૦૧૧૪૭૫/૧૬ નાં કામે આંક–૧ નીચે હુકમ..

.......................................................................................................

૧. લાંબા સમયથી પોલીસ આરોપીને હાજર રખાવવામાં સફળ રહેલ નથી. પેન્ડીંગ કેસો સંબધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવાનવાર આદેશો આપવામાં આવે છે.કેસોનાં ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સંબધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીનાં પત્ર નં.૧૭૮/૧૮, તા.૨૩/૦૧/૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પત્ર નં.૧૯૩/૧૭, તા.૨૦/૦૧/૧૭ તથા ત્યારબાદનાં પત્રો વંચાણે લીધા. તેમજ નામ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબે તેમનાં નોટીફીકેશન નં.૦૧/૧૯ થી આજ રોજ તા.૧૩/૦૭/૧૯ નાં રોજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ છે અને તેમાં આવા પ્રકારનાં કેસોને સ્પે.સીટીંગમાં ફેસલ કરવાનો આદેશ કરેલ છે તે ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારનાં કેસોનો નિકાલ કરવાની કામગીરી સંબધે આદેશો કરવામાં આવેલ છે. આરોપી ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે. જે બજે કે વગર બજે પરત આવેલ નથી. જે સંબધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમાં પણ ખુલાસા પુછવામાં આવેલ છે. જે સંબધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ આરોપીને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી.

૨. નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ એમ.પી. એપ્લેન્ટ વિ. કાલુ થાવર અને બીજા, સામાવાળા. ધ્યાને લેતાં તેમાં ડિવીઝન બેન્ચે ઠરાવેલ છે કે, Police must always remember that it has a duty to the Court and they can not lust send a challan and think that the rest will be done by the court. જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોઈ, આરોપી વિરુધ્ધ પોલીસે ચાર્જસીટ દાખલ કરેલ છે. તેમ છતાં આ કામે હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતું નથી. જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોઈ, આરોપી વિરુધ્ધ પોલીસે ચાર્જસીટ દાખલ કરેલ છે. તેમ છતાં આ કામે હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતું નથી. જેથી તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી છોડી મુકવાનો તથા તેમની સામેનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે. જેથી ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ::–

– આથી ફો.કા.અ.ની કલમઃ૨૫૮ અન્વયે આરોપી/ આરોપીઓ સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

– વધુ આરોપી જયારે મળી આવે ત્યારે તેઓની સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ.ની કલમઃ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩ મી માહે જુલાઈ સને ૨૦૧૯ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(બરકતખાન એચ.ઘાસુરા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ
જજ કોડ જી.જે.૦૦૯૮૩

અમદાવાદ
તા.૧૩/૦૭/૧૯